# Std 9 Gujarati Textbook Solutions Chapter 2 પરોપકારી મનુષ્ય

**Class 9 Gujarati Textbook Solutions Chapter 2 પરોપકારી મનુષ્ય Textbook Questions and Answers**

સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (4) નિશાની કરો :**

**પ્રશ્ન 1. આંજણી મટાડવા ડૉક્ટરે સલાહ આપી કે ...................................**

(A) હું સિંદૂર લગાડીને મટાડીશ.

(B) હું ચંદન લગાડીને ફોડીશ.

(C) આંજણી પાકી જાય એટલે હું નસ્તરથી ફોડીશ.

(D) તુવેરની દાળ લગાડો.

ઉત્તર :

(C) આંજણી પાકી જાય એટલે હું નસ્તરથી ફોડીશ.

**પ્રશ્ન 2. લેખકને શીરો ખાવાની સલાહ કોણે આપી?**

(A) વિધવા ફોઈએ

(B) ટપાલીએ

(C) પારસી દોસ્તદારે

(D) મારવાડીએ

ઉત્તર :

(A) વિધવા ફોઈએ

**પ્રશ્ન 3. ગાંધી-વૈદ્યનું સહિયારું એટલે ..............................................**

(A) કોઈને પણ છેતરવા નહિ,

(B) સ્વાર્થ માટે બે વ્યક્તિનું ભેગા થવું.

(C) અહીં ગાંધીજીની વાત છે.

(D) ગાંધીવૈદ્ય એટલે ગાંધીવાદ,

ઉત્તર :

(B) સ્વાર્થ માટે બે વ્યક્તિનું ભેગા થવું.

**પ્રશ્ન 4. આંજણી મટાડવા ટપાલીએ સલાહ આપી કે.**

(A) સિંદૂર લગાડો

(B) ચંદન લગાડો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(C) ઠંડી દવા લગાડવી

(D) તુવેરની દાળ ગરમ કરીને લગાડવી

ઉત્તર :

(D) તુવેરની દાળ ગરમ કરીને લગાડવી

## 2. કારણ આપો :

**પ્રશ્ન 1. ફોઈનો ઉપાય લેખકને વધારે ગમ્યો, કારણ કે ...................................**

ઉત્તર :

લેખકનાં વિધવા ફોઈએ લેખકને ઘી, ખાંડ, લોટનો શીરો બનાવીને ખાવાનો ઉપાય બતાવ્યો. ફોઈનું લાલ ચણોઠી જેવું શરીર જોતાં તેમને એ ઉપાયનું વાસ્તવિકપણે સમજાયું; તેથી તેમને એ ઉપાય વધારે ગમ્યો.

## 3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. લેખકને આંજણી મટાડવા તેમના કુટુંબના મિત્રએ શું કહ્યું?**

ઉત્તર :

લેખકને આંજણી મટાડવા તેમના કુટુંબના મિત્રએ કહ્યું કે દવા પીધે કંઈ થાય નહિ. તુવેરની દાળ ઘસીને ચોપડી દો એટલે આંજણી નરમ પડી જશે.

**પ્રશ્ન 2. લેખકને આંજણી મટાડવા જૂના મુનીમ ને હજામે કયો ઉપાય બતાવ્યો?**

ઉત્તર :

લેખકને આંજણી મટાડવા માટે જૂના મુનીમે કેસર ઘોળીને આંજણી ઉપર ચોપડવા કહ્યું. એ જ એનો રામબાણ ઇલાજ છે. હજામે સિંદૂર મંગાવી આંજણી પર દબાઈ દેવાનો ઉપાય બતાવ્યો.

## 4. નીચેના પ્રશ્નોના પાંચ-છ વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. લેખકને આંજણી મટાડવા ચશ્માંવાળાએ શી સલાહ આપી?**

ઉત્તરઃ

લેખકને આંજણી થઈ હતી. તે બજારમાંથી આવતા હતા ત્યાં પાડોશની ચશ્માંની દુકાનના માલિકે એમને દીઠા. તે લેખક પાસે આવ્યા અને કહ્યું, “ભાઈસાહેબ, મારું કહ્યું માનો તો આ તમને આંજણી થઈ છે તે માટે એક ઝાંખાં “ગોગલ્સ’ લઈ જાઓ. હું મારા સ્વાર્થ માટે નથી કહેતો. ખપ થઈ રહે એટલે એ જોડ પાછી મોકલાવજો.”

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આમ, લેખકને આંજણી મટાડવા ચશ્માંવાળાએ ઝાંખાં ગોગલ્સ પહેરવાની સલાહ આપી.

**પ્રશ્ન 2. પરોપકારી મનુષ્યોની સલાહનાં પરિણામ વિશે લખો.**

ઉત્તર :

સમાજમાં ઘણા પરોપકારી મનુષ્યો હોય છે. તેઓને કોઈને પણ વણમાગી સલાહ આપવાની આદત હોય છે. તેમની આ આદતથી સલાહ લેનાર વ્યક્તિને ફાયદો થવાને બદલે ઘણી વાર મોટું નુકસાન થતું હોય છે, કારણ કે સલાહ આપનારને જે-તે વિષયનું સંપૂર્ણ જ્ઞાન હોતું નથી. લેખકે આંજણી મટાડવા લોકોના વણમાગેલા ઉપાય અજમાવ્યા. પરિણામે તેમનું દર્દ વધી ગયું. છેવટે નસ્તર મુકાવવું પડ્યું.

વણમાગી સલાહ સ્વીકારવાને બદલે આપણે જે-તે વિષયના નિષ્ણાતની સલાહ લેવી જોઈએ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in